જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૩/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૪૪૮/૧૫

(1)

"ફોર વ્હીલ તથા ટુ વ્હીલર વાહનોની ચોરી કરતો અઠંગ રીઢા વાહન ચોર તુષાર પટેલને ઝડપી પાડી કુલ્લે ૧૩ વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ"

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા ખાસ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી માર્ગદર્શન હેઠળ એન્ટ્રી પ્રોપટી સ્કોર્ડના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એમ.યાદવ તથા તેમની ટીમના પો.સ.ઇ. શ્રી જે.એન.ઝાલા, એચ.પી.કરેણ તથા સ્ટાફના માણસો સાથે કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં હતા દરમ્યાન ચાંદલોડીયા સિલ્વર સ્ટાર ચાર રસ્તા ખાતે પહોંચતા સાથેના પો.કો.વિજયસિંહ રણજીતસિંહ નાઓને મળેલ બાતમી આધારે આરોપી તુષાર મહેન્દ્રભાઇ પટેલ ઉ.વ.૩૪ રહે.સી/૪૦૨, સુકન ગોલ્ડ એપાર્ટમેન્ટ વંદેમાતરમ સીટી ગોતા અમદાવાદ શહેર નાને મારુતિ ફન્ટ્રી કાર નં.GJ-2-K-6488 ની કિ.રુ.૬૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ.

પોલીસ ઇન્સ્પેકટરશ્રી જે.એમ.યાદવે તેને વિશ્વાસમાં લઇ વધુ પુછપરછ કરતા સદરીએ અમદાવાદ શહેરના ઘાટલોડીયા, નારણપુરા, સોલા, ચાંદખેડા, ગુજરાત યુનિર્વસીટી સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી કુલ્લે ૮ મારુતિ ફન્ટી તથા ૪ મોટર સાયકલો ચોરીઓ કર્યાની કબુલાત કરતા તમામ વાહનો બીન વારસી મુકી દિધેલ હોય જે વાહનો કબ્જે કરી કુલ્લે રુ ૪,૯૫,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

સદરી ઇસમની વધુ પુછપરછ દરમ્યાન ફલીત થયેલ છે કે, તે ગુનાહીત ભુતકાળ ધરાવે છે અને અગાઉ વાહન ચોરી તથા ઘરફોડ ચોરીઓના ૧૮ ગુન્હાઓમાં પકડાયેલ છે તેમજ જામનગર જેલ માં પાંચ માસ સુધી પાસા હેઠળ જેલ પણ કાપેલ હોય તેના પિતાએ ઘરે થી હાકી કાઢતા પોતાના મોજ શોખ પુરા કરવા ટુ વ્હીલર વાહનોની ચોરી કરતો અને રાત્રી દરમ્યાન સુવા માટે ફોર વ્હીલ વાહનોની ચોરી કરી બિનવારસી છોડી દેતો જેની વધુ પુછપરછ ચાલુ છે.હજી બીજા ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેમ છે.

## (2)

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્માં સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તાર માં બનેલ હાલ ચાલી રહેલ ક્રિકેટ વર્લ્ડ કપ ટુર્નામેન્ટ અન્વયે ચાલી રહેલ ક્રિકેટ સટ્ટા બેટીંગ ના કેસો શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રી ઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એમ.ઓ.બી. સ્કોર્ડ ના પો.ઇ.શ્રી એસ.એસ.રઘુવંશીને મળેલ બાતમી આધારે પો.સબ.ઇન્સ્પે. શ્રી એલ.ડી,વાઘેલા તથા માણસો ની એક ટીમ ગઇ તા- ૨/૩/૨૦૧૫ ના રોજ ઇસનપુર વિસ્તાર માં મોકલી આપેલ અને બંગ્લોઝ નંબર- ૯/વશિષ્ટનગર સોસાયટી, ઇસનપુર અમદાવાદ ખાતે મકાન માં ડબ્બા ટ્રેડીંગ ની હકિક્ત થી તપાસ કરતા આરોપીઓ (૧) જીગરભાઇ પ્રવિણચંદ્ર ગજ્જર ઉ.વ.૪૦ રહે-ઘર નં.૯/વશિષ્ટ નગર સોસાયટી, ભાડવાતનગર, ઇસનપુર, અમદાવાદ તથા (૨) લક્ષ્મણ બાબુભાઇ ચૌહાણ ઉ.વ.૩૦ રહે- જય ચામુંડા ની ચાલી, હમીરભાઇ ના પિઠ્ઠા પાસે, જુના વાડજ, અમદાવાદ નાઓએ મળી આવેલ હતા. જેઓ શેર બજાર ના ગેર-કાયદેશર સોદા કરી સરકાર ને ચુકવવા પડતા વેરા ની ચોરી કરી ગેર-કાયદેશર નો ડબ્બા ટ્રેડીંગ નો વેપાર કરતા કુલ્લે- મુદામાલ રોકડ સાથે રૂ.૯૭૫૮૦/- મળી આવતા ક્રાઇમ બ્રાન્ચ ખાતે ગુનો રજી. કરેલ છે. અને વધુ તપાસ પો.સ.ઇ શ્રી કે.જી.ચૌધરી ક્રાઇમ બ્રાન્ચ નાઓ કરી રહેલ છે.

## (3)

તેમજ તા- ૩/૩/૨૦૧૫ ના રોજ પો.સ.ઇ. શ્રી એલ.ડી.વાઘેલા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગ હતા. તે દરમિયાન કલાક.૧૪/૧૫ વાગ્યે ગોતા ચાર રસ્તા પાસે બાલાજી પરોઠા હાઉસ આગળ કિંમતી મોબાઇલ ફોન નંગ- ૨ કિ.રૂ. ૮,૦૦૦/- સાથે આરોપી શૈલેષ @ ભુરો સ/ઓ પ્રેમકિશોર દુબે રહે- ૧૮૨/૨૧૭૩ ગોતા હાઉસીંગ, શ્રધ્ધા ક્રિષ્ના મંદીર પાસે, ગોતા, અમદાવાદ નાઓ મળી આવતા કાયદેશર ની કાર્યવાહી કરી આ બન્ને મોબાઇલ ફોન અડાલજ પોલીસ સ્ટેશ તથા રેલ્વે પોલીસ સ્ટેશન હદ ના બનાવ ના હોય. આરોપી તથા મુદામાલ વધુ તપાસ સારૂ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.